

# રામભક્ત



वर्ष : २०, - अंक संख्या : १२ - सलंग अंक : २२६
वि.सं. : २०८२ महा - दिनांक: १०-२-२०२६



# મહા શિવરાત્રિ

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org












# '' ગુજરાત ગૌરવ '' શ્રી જગદ્ગુરૂ પ્રતિમા અનાવરણ- કેશોદ સમાજ

૭૨૬ મી ગુરૂજયંતિ તા. ૯-૧-૨૦૨૬















# ઉત્તરક્રિયા શ્રધ્ધાંજલી



ભાયાવદર-ઉપલેટા(હાલ જુનાગઢ) નિવાસી સ્વ.ગોદાવરીબેન ગોપાલદાસ અગ્રાવત જેઓ સ્વ.ગોપાલદાસ રામદાસ અગ્રાવત, ઉપલેટા વાળાના પત્ની તેમજ શ્રી હરસુખભાઈ, જગદીશભાઈ અને નીતીનભાઈ અગ્રાવત તથા પ્રવિણાબેન બીપીનકુમાર કુબાવત, જુનાગઢ (હીરો હોન્ડા ગ્રુપ)ના પુજ્ય માતુશ્રી તથા અ.સૌ.ગીતાબેન, જયશ્રીબેન, અને પુનમબેન ના સાસુમા તથા હિતેશભાઈ, જયભાઈ, સાગરભાઈ, જૈમીનભાઈ, જસ્મીનાબેન, સંજીવનીબેન, હીરલબેનના દાદીમા તથા આર્ય, દીવ્યા, સ્વરા, રુદ્ર, હીવા, સારાના પરદાદી તેમજ મોબતપરા નિવાસી સ્વ.ત્રિભોવનદાસબાપુ નિમાવતના પુત્રી અને સ્વ.હરજીવનદાસબાપુ, સ્વ. જમનાદાસબાપુ અને શ્રી લલીતભાઈ તથા સુરેશભાઈ ના બહેન સવંત ૨૦૮૨ ને પોષ સુદ(અગિયારસ) બુધવાર તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ સાકેત ધામ સીધાવતા તેમના આત્મકલ્યાણ અર્થે તા.૦૯/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ દશાશ્રાધ્ધ અને તા.૧૦/૦૧/૨૦૨૬ શનિવાર ના રોજ ઉત્તરક્રિયા (પાણીઢોળ) વિધી શિવમ પાર્ટી પ્લોટ જુનાગઢ ખાતે અગ્રાવત પરિવારના સર્વે સગા સબંધી અને મિત્ર મંડળની બહોળી ઉપસ્થિતીએ સંપન્ન થયેલ.

તા.૦૯/૦૧/૨૦૨૬ ને શુક્રવારે રાત્રે જુનાગઢના કલાકાર રામદાસ દુધરેજીયા દ્વારા સંગીતના સથવારે ભજન-રામધુનની રમઝટ બોલાવી શ્રધ્ધાંજલી અર્પણ કરેલ આ પ્રસંગે યજમાન પરિવાર તથા સૌ મહેમાનો દ્વારા રૂા.૨૫૦૦૦/- જેવી રકમ ઘોર સ્વરૂપે આવેલ જે રકમ જુનાગઢ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારની ગૌશાળામાં મકરસંક્રાંતિના દિવસે અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે પરિવારે લાણી પ્રથાને તીલાંજલી આપવાના વિચાર સાથે લાણુ ન કરવું અને પુજ્ય માતુશ્રીની કાયમી સમૃતિમાં આપણી જ્ઞાતિના જાજરમાન શૈક્ષણિક સંસ્થાઓ કમળા માતા મંદિર- કચ્છ અને રામાનંદ ભવન-કેશોદ ને પુષ્પ પાંખડી રૂપે નીચે મુજબ ધનરાશિ અર્પણ કરતા સૌ ઉપસ્થિત મહેમાનોએ સખાવતને બિરદાવી લીધેલ.

- રૂા. ૫૧,૦૦૦/- શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય-સાવરકુંડલા
- રૂા. ૫૧,૦૦૦/- કુમાર છાત્રાલય ભાવનગર
- રૂા. ૫૧,૦૦૦/- અખિલ કચ્છ રામાનંદી સાધુ સેવા ટ્રસ્ટ-કચ્છ (કમળા ધામ)
- રૂા. ૨૫,૦૦૦/- શ્રી સવિતાબા કુમાર છાત્રાલય-અમરેલી
- રૂા. ૨૫,૦૦૦/- સ્વામી શ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન સુરેન્દ્રનગર
- રૂા. ૨૧,૦૦૦/- શ્રી રામાનંદ ભવન - કેશોદ
- રૂા. ૦૫,૦૦૦/- જગદ્‌ગુરૂ રામાનંદાચાર્ય પ્રતિમા રીનોવેશન સ્મશાન ગૃહ- જુનાગઢ
- રૂા. ૦૫,૦૦૦/- સમુહ લગ્ન- જામખંભાળીયા

કુલ રૂા. ૨,૩૪,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ ચાત્રીસ હજાર પુરા પુજ્ય માતુશ્રી સ્વ. ગોદાવરીબેન ગોપાલદાસ અગ્રાવતની પુણ્ય સ્મૃતિએ અગ્રાવત પરિવાર તરફ થી અર્પણ કરવામાં આવેલ છે.

લિ.

હરસુખભાઈ ગોપાલદાસ અગ્રાવત
જગદીશભાઈ ગોપાલદાસ અગ્રાવત
નિતીનભાઈ ગોપાલદાસ અગ્રાવત
બીપીનકુમાર મોહનદાસ કુબાવત
નરેન્દ્રભાઈ જયંતીલાલ નિરંજની
હિતેષભાઈ હરસુખભાઈ અગ્રાવત

ભાસ્કરકુમાર સુર્યકાંતભાઈ સાધુ - અમદાવાદ
ધૈવતકુમાર વસંતભાઈ રામાનુજ - અમદાવાદ
મલ્હારકુમાર મુકેશભાઈ કચ્છી - કેનેડા
જય જગદીશભાઈ અગ્રાવત
સાગર હરસુખભાઈ અગ્રાવત
જૈમીન નિતીનભાઈ અગ્રાવત

સાવરકુંડલા સંસ્થાને રૂા.૫૧૦૦૦/-
ફોટો તક્તી યોજના અંતર્ગત દાન મળેલ છે.

અહેવાલ – હર્ષદભાઈ લશ્કરી – કેશોદ
ઉપપ્રમુખ – રાજ્ય મંડળ જુનાગઢ જિલ્લો

## રાજુલા તાલુકા રામાનંદી પરિવાર દ્વારા જગતગુરૂશ્રી ૧૦૦૮શ્રી રામાનંદાચાર્યજી મહારાજ ના ૭૨૬માં જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી







ગત તારીખ ૧૦/૦૧/૨૦૨૬ ને શનિવારના રોજ શ્રીશ્રી જગતગુરૂશ્રી રામાનંદાચાર્યજી મહારાજના ૭૨૬માં જન્મોત્સવની ઉજવણી સંતોની નિશ્રામાં રાજુલા તાલુકા રામાનંદી પરિવાર દ્વારા દિવ્ય અને ભવ્યાતીત રીતે ઉજવવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમ ગત નવરાત્રીના પં.પૂ. અમરદાસબાપુ દ્વારા અથાક મહેનત અને ભગીરથ પ્રયાસથી સર્વે જ્ઞાતિજનો ના સહીયારા પ્રયાસથી ટુંક સમયમાંજ રામાનંદ ભવનના નિર્માણ હેતુસર જે પ્લોટ લેવામાં આવેલ તે જગ્યા ઉપર જ જન્મોત્સવની ઉજવણી કરેલ. જે જ્ઞાતિજનો તેમજ આયોજકો માટે એક ગર્વપૂર્ણ બાબત બની.

પં.પૂ. મહામંડલેશ્વર શ્રી મહેશદાસબાપુ પીપાવતધામ તથા વારાહ સ્વરૂપ મંદિરના મહંતશ્રી જોગીન્દ્રદાસબાપુ તથા રણછોડદાસબાપુ સાત પીપરૂ તથા સનાતનદાસબાપુ તથા અમરદાસબાપુ તથા વલ્લભદાસબાપુ તથા વિપુલબાપુ તેમજ ભજન સમ્રાટ શ્રી શૈલેષ મહારાજ વિ.સંત વૃંદ તેમજ જ્ઞાતિ મહાનુભાવો છોટાલાલભાઈ લશ્કરી ડૉ.સમ્રાટભાઈ દેવમુરારી, ડૉ. યોગેશભાઈ લશ્કરી, સુરેશબાપુ કોવાયા, કાશીરામબાપુ ડુંગર તથા જેન્તીદાસબાપુ બાબરીયાધાર, અશોકભાઈ અગ્રાવત, રમેશભાઈ નિમ્બાર્ક, કાળીદાસભાઈ દેવમુરારી તથા કલ્પેશભાઈ લશ્કરી વિ.ની હાજરીમાં કાર્યક્રમની શરૂઆત સંતો તેમજ જ્ઞાતિ વરિષ્ઠ મહીલાઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ.ત્યારબાદ જ્ઞાતિના દરેક પરિવારો દ્વારા પોતાની રીતે તૈયારી કરીને લાવેલ શણગારેલ આરતી દ્વારા સમુહમાં આસ્થાભેર જગતગુરૂ મહારાશ્રી તથા રામપંચાયત તથા શ્રી હનુમાનજી મહારાજ ના ફોટાઓ તેમજ સુશોભીત બાળ લાલજી મહારાજની મુર્તિની આરતી કરેલ. (અનુસંધાન સીંગલ કલર અંદરના પાને...)

રૂા.૧૫૦૦ બેંક એકાઉન્ટ થી જમા મળેલ છે.

## અગ્રાવત પરિવારનું ગૌરવ



### અભિનંદન..

અગ્રાવત પરિવારનાં કુળદેવતા શ્રી હનુમાનજી મહારાજ (ગામ: ગૌરીદળ) તેમજ કુળદેવી શ્રી કમળામાતાજીની અસીમ કૃપાથી રાજકોટમાં રહેતા શ્રી મુકેશભાઈ પ્રાણજીવનભાઈ અગ્રાવત તેમજ શ્રીમતી નયનાબેન મુકેશભાઈ અગ્રાવતની સુપુત્રી **ચિ.ઋતિકા મુકેશભાઈ અગ્રાવતે B.S.C.** નર્સિંગ માં પ્રથમવર્ગ મેળવ્યા બાદ M.S.C. નર્સિંગ માં વર્ષ ૨૦૨૫ ફાઈનલ પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે ઉતિર્ણ થતા અગ્રાવત પરિવારમાં હર્ષ સાથે ખુશીની લાગણી ફલાયેલ છે. હાલમાં C.H.O (કોમ્યુનિટી હેલ્થ ઓફીસર) તરીકે ફરજ બજાવે છે.

સમગ્ર અગ્રાવત પરિવાર તથા સંબંધીઓ તરફથી અભિનંદન સાથે શુભેચ્છા તેમજ આશિર્વાદ મળી રહેલ છે.

:: શુભેચ્છક ::


ગં.સ્વ. મંજુલાબેન પ્રાણજીવનભાઈ અગ્રાવત (દાદીમા)

શ્રી મુકેશભાઈ પી. અગ્રાવત (પિતા)
આર.એમ.એસ. ઓફીસ રાજકોટ.(મો.૯૨૨૮૩ ૭૬૫૮૩)

શ્રીમતી નયનાબેન એમ. અગ્રાવત (માતા)
સીવીલ હોસ્પિટલ રાજકોટ.(મો.૯૯૭૮૯ ૭૬૫૮૩)

લાડકવાયો નાનો ભાઈ જય અગ્રાવત
(B.Tech)

રૂા.૧૫૦૦ પ.નં ૨૧૬ થી જમા મળેલ છે.





સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત
શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

**માસિક મુખપત્ર**





**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**

ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઇપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઇન ઉપયોગ કરી કોઇપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઇપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૧૦૦૦૩૦૧૨૧૭૫ | IFSC : GSCB0BVN003 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

પ્રથમતો જાણવા મુજબ જગદ્ગુરૂ રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૬મી જન્મ જયંતિ મહોત્સવ દરેક ગ્રામ્ય કે તાલુકા - જીલ્લા કક્ષાએ ખુબજ ધામધુમથી ઉજવણી થઈ. એટલુ જ નહી પણ કેશોદ શહેરમાં સૌના સાથ સહકારથી ગુરૂવર્યની મુર્તિનું સ્થાપન જાહેર સ્થળે થયુ તે મારી દ્રષ્ટિ એ ખુબજ સરાહનિય ગણાય. જરૂર આવા કાર્યો જાહેરમાં થવા જોઈએ જેથી સનાતન સત્ય શું છે તેનો ખ્યાલ તો આમ સમાજને આવે જ ! પણ રામાનંદી સાધુ સમાજ શું છે તેની પણ પ્રતિતિ થશે. જગદ્ગુરૂ રામાનંદાચાર્યજી મહારાજ અને તેણે હિન્દુ રાષ્ટ્રને બચાવવા કેવો સંઘર્ષ કર્યો તેની પણ પ્રતિતિ થશે. ગત ડીસે. ના અંકમાં ઉલ્લેખ કર્યો હતો કે, **આમ સમાજને આવા અવતારી યુગપુરૂષની ઓળખ આપવી તે રામાનંદી સાધુ સમાજની નૈતિક પવિત્ર ફરજ છે.** આપ સૌ ને ખ્યાલ હશે, ભાવનગર સાધુ સમાજ દ્વારા ગુરૂવર્યની જયંતિ આવે ત્યારે વર્ષોથી અખબારમાં પ્રેસનોટ આપે છે. જે સારી બાબત ગણાય. ઘણાને કહેશો કે જગદ્ગુરૂ કોણ ? તો કહેશે શંકરાચાર્ય ! જુઓ પિતૃઋણ, માતૃઋણ, જ્ઞાતિઋણ આવા ઋણ માંથી મુક્ત થઈ શકાય છે પણ ગુરૂઋણ ચુકવાતું નથી. કબીર કહે છે **“ જો શીશ દીયે તો ભી સસ્તા જાણ! ”**

મુળ વાત કરીએ તો મહા માસ આવે એટલે મહાશિવરાત્રી યાદ આવે જ ! **જ્યાં નવનાથ, બાવનવીર, ચોર્યાસી સિધ્ધો અને ચોસઠ જોગણીઓના બેસણા છે.** એવા સોરઠના પાટનગર જૂનાગઢમાં આવેલો **ગરવો ગઢ ગીરનાર પર્વતાધિરાજ હિમાલયનો પણ પિતામહ ગણાય છે.** જેને **રૈવતાચળ** પણ કહેવાય છે. શ્રી કૃષ્ણની જન્મભૂમિ અને બાળલીલાઓની પૃષ્ઠભૂમિ ભલે વ્રજ-વૃદાંવન રહી પણ કર્મભૂમિ તો ગરવી ગુજરાત (સૌરાષ્ટ્ર)ના ફાળે જ જાય છે. અર્જુન સૌરાષ્ટ્ર ભણી આવી રહ્યો છે તે સમાચાર મળતાં વેંત જ કૃષ્ણે અર્જુન ને મળવા દોટ મુકી અને માધવપુર જઈ મળ્યા.આવા સમાચાર મળતા યાદવો પણ પહોંચી ગયા અને સૌ સાથે મળીને યાદવોનો પેલો **“ રૈવતક ”** ઉત્સવ આવતો હોવાથી સૌ **રૈવતાચળ (ગીરનાર)**ની તળેટીમાં પહોંચી ગયા અને ડેરા-તંબુ તાણી ને ધજા-પતાકા લગાવીને ઉત્સવ ઉજવવા લાગ્યા અને શ્રી કૃષ્ણ તથા અર્જુન દરેક સ્થળે ફરતા - ફરતા સત્સંગ, ભજન-ધુન કરતા જાય તે **“રૈવતક” એટલે જ“મહશિવરાત્રી નો મેળો”** . જુઓ શ્રી કૃષ્ણ કાળયવનનો પીછો કરતાં કરતાં રેવતાચળ પહોંચ્યા હતા. અને **મુચકુંદને દર્શન આપીને તેનો મોક્ષ કર્યો હતો** તે આજનો **“રેવતી કુંડ”** અને **“મુચકૂંદ ગુફા”, દામોદર કુંડ** અને **રેવતાચળ** પર્વત તેની સાક્ષી પુરે છે. આ અતિ ટૂંકમાં વાત થઈ.

તો આવા આસ્થાના પ્રતિક સમા ગિરનારનાં પગથિયા ચડી ઘણા એ યાત્રા કરી હશે. પણ આ પગથિયા નહી હોય ત્યારે શું થતું હશે? અથવા તો પગથિયા પ્રથમ કોણે બનાવ્યા તે ઘણાને ખ્યાલ નહીં હોય તો સદીઓ પહેલાની વાત છે કે, જ્યારે ગુજરાતને વિજય બનાવી ઉદયન મંત્રી રણછાવણીમાં પહોંચ્યા હતા ત્યારે તેની અંતિમ ઈચ્છા પત્ર દ્વારા તેમના પુત્ર બાહડ મંત્રીને જણાવી કે ગિરનાર તિર્થ અને શેત્રુંજય પર્વત ઉપર પગથિયા બનાવવા છે. તો પિતાની ઈચ્છા પૂર્ણ કરવા જુનાગઢ ગિરનાર આવી ને જોયુ તો પર્વત ઉપર ઉંચી ભેખડો તેમજ પર્વત નો ઘેરાવો અને વાદળ સાથે વાતો કરતા શિખરો જોઈને ક્યાંથી પગથિયાની શરૂઆત કરવી તે મુંજવણમાં અટવાયા. તે વખતે બાહડ મંત્રીને ગિરનારની રક્ષા કરતાં માં અંબા ની યાદ આવી. માં ના આશિર્વાદ લેવા ચરણોમાં બેસી ઉપવાસ શરૂ કર્યા. ઉપવાસના ત્રીજા દિવસે માતા અંબા હાજર થયા અને કહ્યુ કે, હું જે જે રસ્તે અક્ષત (ચોખા)વેરતી જાઉ એ રસ્તે પગથિયાનું સર્જન કરજે. માતાજી ચોખા વેરતા ગયા અને તે-તે પગથિયે ટાંકણા પડતા ગયા. એ ક્ષણે વાતાવરણમાં ટાંકણાંનો ધ્વનિ જ પઘડાઈ રહ્યો હતો. **આમ બાહડ મંત્રીના સદ્ભાવનાથી ગિરનારના પગથિયા થયા** અને આપણે આસાની થી યાત્રા કરી શકીએ છીએ. તેને લાખો-લાખો ધન્યવાદ ! પાંચ વર્ષથી ભગવત કૃપાથી **ઉડન ખટોલાની પણ સગવડ થઈ** જે સારી બાબત છે.

છેલ્લેઃ- **પિતાની સંપત્તિને ભાઈઓમાં સરખા ભાગે વહેંચનાર માણસ સત્પુરૂષ છે. જ્યારે ભાઈઓના ભાગની ચિંતા પોતાના ભાગ કરતા વધુ થાય ત્યાં રામાયણ સમજી લેવું અને જ્યાં ભાઈઓને સોયની અણી જેટલી જમીન આપવાની તૈયારી ન હોય ત્યાં મહાભારત થાય છે.**

તંત્રી...

## રાજુલા તાલુકા રામાનંદી પરિવાર દ્વારા જગતગુરૂશ્રી ૧૦૦૮શ્રી રામાનંદાચાર્યજી મહારાજ ના ૭૨૬માં જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી

(અનુસંધાન મલ્ટીકલર પેઈઝનું..)



ત્યારબાદ રામસ્તુતી તથા રામાનંદાચાર્યજી મહારાજની ગરબી વિ.નું ગાન રસપ્રદ રીતે સંગીત સાથે સમુહમાં કરવામાં આવેલ. પધારેલ ભજનીકશ્રી શૈલેષ મહારાજ દ્વારા આગવી શૈલીમાં સમુહ હનુમાન ચાલીસાના પાઠનું ગાન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સંગીત સાથીદારોમાં શ્રી મુકેશબાપુ અગ્રાવત બારપટોળી તબલાવાદન તેમજ ઈશ્વરદાસબાપુ બાબરીયાધાર ગાયક તરીકે તેમજ અતુલબાપુ કડીયાળી તથા વિજયબાપુ કાતર મંજીરા વાદક તરીકે સાથ આપેલ.

ત્યારબાદ સંતો દ્વારા જ્ઞાતિ ઉત્કર્ષ અને સંગઠનના મજબુતી કરણ અંગે મનનીય પ્રવચન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી અલ્પેશભાઈ ટીલાવત દ્વારા ગતવર્ષના હીસાબનું વાંચન કરવામાં આવેલ અને રામાનંદભવનના નિર્માણ હેતુસર એક કમીટીની રચના કરવામાં આવેલ જેમાં જ્ઞાતિજનો દ્વારા સર્વાનુમતે જોશભેર પ.પૂ. અમરદાસબાપુનું નામ સુચવવામાં આવતા તેમની અધ્યક્ષ તરીકેની વરણી કરવામાં આવેલ પ.પૂ. અમરદાસબાપુ દ્વારા ઉપાધ્યક્ષ તરીકે બે નામ સુચન કરતા શ્રી અશોકભાઈ અગ્રાવત તેમજ નલીનભાઈ ટીલાવત ની ઉપાધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી કરેલ. તેમજ પ્રમુખ તરીકે અલ્પેશભાઈ ટીલાવત, ઉપપ્રમુખ તરીકે નિતીનભાઈ નિમાવત તથા મંત્રી તરીકે કૌશિકભાઈ હઠીનારાયણની પ.પૂ. અમરદાસબાપુ તેમજ જ્ઞાતિજનો દ્વારા સહર્ષ તેમજ આવકારદાયક રીતે વરણી કરવામાં આવેલ.

છ એ હોદ્દેદારોનું જ્ઞાતિ દ્વારા ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નલીનભાઈ ટીલાવત દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાજુલા તાલુકા માંથી ૯૯% જ્ઞાતિજનોની હાજરીથી કાર્યક્રમ દીપી ઉઠેલ.

સમાજને સંગઠીત કરવા તેમજ ધંધાકીય રીતે એકત્ર કરવા શ્રી પ્રકાશભાઈ રામાનુજ, સતીષભાઈ લશ્કરી, દ્વારા ફોર્મની વિગત મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. આ બાબતે શ્રી પ્રકાશભાઈ રામાનુજ તેમજ મનોજભાઈ દેવમુરારી દ્વારા પ્રવચનથી પ્રકાશ પાડવામાં આવેલ.

ચા-પાણી ની વ્યવસ્થા શ્રી ભાવેશભાઈ નિમાવત અને કૃણાલભાઈ ટીલાવત દ્વારા તેમજ દરેક જ્ઞાતિજનો ના તિલક માટે યુવા ટીમ ભાર્ગવભાઈ રામાનુજ તથા જયભાઈ ટીલાવત, સ્મીત નિમાવત, મીતાંશુ નિમાવત તથા મુદીત નિમાવત દ્વારા કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમ દરમીયાન મહીલાઓ દ્વારા મહીલા સંગઠન માટે ''રાજૂલા તાલુકા રામાનંદી મહીલા સંગઠન'' નામનું ગ્રુપ બનાવીને દરેકને ગ્રુપ સાથે જોડવામાં આવેલ. ઉપરાંત ભોજન પિરસવાની તમામ જવાબદારી મહીલાઓ દ્વારા કરવામાં આવેલ.

જગતગુરૂ મહારાજના જીવન વૃતાંત વિશે જયેશભાઈ ટીલાવત દ્વારા પ્રવચન આપવામાં આવેલ.

આ કાર્યક્રમ દરમીયાન ભોજન પ્રસાદ માટે શ્રી નલિનભાઈ ટીલાવતના સ્નેહી પરિવાર તરફથી રામભરોસે ભોજનખર્ચ આપવામાં આવેલ, તેમજ ભોજનબાદ આઈસ્ક્રીમ ડૉ.સમ્રાટ સાહેબ દેવમુરારીના પરિવાર તરફથી આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતે થાળ નું ગાન પ.પૂ. અમરદાસબાપુ દ્વારા કરવામાં આવેલ. તેમજ કાર્યક્રમની આભારવિધી મંત્રીશ્રી કૌશિકભાઈ હઠીનારાયણ દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ સ્વરૂચી ભોજનપ્રસાદ તેમજ આઈસ્ક્રીમની મીજબાની માણી દરેક પરિવાર હર્ષ તેમજ ભાવવિભોર બની છુટા પડેલ.

સંકલન: અલ્પેશભાઈ ટીલાવત
અહેવાલ: કૌશિકભાઈ હઠીનારાયણ

## કેશોદ મુકામે જગદગુરૂશ્રી રામાનંદાચાર્યજી મહારાજની પ્રતિમા અનાવરણ કાર્યક્રમ યોજાયો



ભારતભરમાં જેમણે ગામડે ગામડે પદયાત્રા કરીને ''શ્રી રામમંદિરો'' ની સ્થાપનાઓ કરેલ છે. તેવા સનાતન હિન્દુ ધર્મોધ્ધારક અનંતશ્રી વિભુષિત જગદગુરૂશ્રી રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૬ માં પ્રાગટય મહોત્સવ નિમિતે – કેશોદ નગરમાં અજાબ રોડ ઉપર શ્રીગંગનાથ મહાદેવ મંદિર સામે જાહેર બે રોડની વચ્ચેના ગાર્ડનમાં તેમની પૂરા કદની અલૌકિક નયનરમ્ય મૂર્તિ તા. ૦૯/૦૧/૨૦૨૬ પોષવદ -૭ ને શુક્રવારના સવારે નગરપાલીકા કેશોદના સહયોગથી શ્રીરામાનંદીય જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ-કેશોદ દ્વારા સ્થાપિત કરવામાં આવેલ છે.

સવારે ૯:૩૦ થી બજરંગ ચોક (ફુવારા ચોક) થી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવેલ. આ યાદગાર શોભાયાત્રામાં કેશોદ અને કેશોદ તાલુકા તેમજ વિવિધ જીલ્લા, તાલુકાના મંડળના હોદેદારો, કેશોદની સામાજિક સંસ્થાઓ જેવી કે, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગા વાહિની, આઝાદ ક્લબ, ભારત વિકાસ પરિષદ, રોટરી ક્લબ, એલ. એન. સી. (લાયન નેચર કલબ) ગ્રુપના પ્રમુખ નીરવ લશ્કરી તથા તેમની ટીમે ધ્વજ ફરકાવી શોભાયાત્રાને ભવ્ય બનાવેલ.

ત્યારબાદ શ્રીગંગનાથ મહાદેવ મંદિર પાસે ધર્મ સભાનું આયોજન કરવામાં આવેલ, જેમાં અધ્યક્ષ માન. ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ, નગરપાલીકા-કેશોદના પ્રમુખશ્રી મેહુલભાઈ ગોંડલીયા, જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા તથા અન્ય રાજકીય-સામાજિક આગેવાનો તેમજ મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી મહંતશ્રી સુખરામદાસજી બાપુ-ખાખી મઢી મેંદરડા, મહંત શ્રી પૂ.રવિદાસબાપુ મુરલીમનોહર મંદિર-સુપેડી, ગુજરાત રાજ્ય મંડળનાં પૂર્વ પ્રમુખ ઘનશ્યામદાસબાપુ 'રાઘવ'' તથા પ્રમુખશ્રી અરુણભાઈ દેવમુરારી તથા ચેરમેનશ્રી કિશોરભાઈ નિમ્બાર્ક તથા જ્ઞાતિ અગ્રણી અનિલભાઈ દેવમુરારી - વેરાવળ, નિખીલભાઈ - રાજકોટ વિગેરે સંતો-મહંતો, અગ્રણીઓ, આગેવાનો હાજર રહેલા. કાર્યક્રમના દિપ-પ્રાગટ્ય બાદ આ તમામનું સન્માન કરવામાં આવેલ અને ધર્મસભા યોજવામાં આવેલ. જેમાં સંતોના પ્રવાચનો, આશિર્વાદ બાદ પૂ. જગદગુરૂજીની પ્રતિમા અનાવરણ કાર્યક્રમ ભવ્ય રીતે કરવામાં આવેલ. આ પ્રતિમા અનાવરણ કાર્યક્રમમા રામાનંદી જ્ઞાતિ પરિવારો તેમજ કેશોદ નગરની સનાતન હિન્દુ ધર્મપ્રેમી જનતા વિશાળ સંખ્યામાં હાજર રહેલ. ત્યારબાદ શ્રીરામાનંદ ભવન કેશોદ ખાતે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ જેમાં સર્વે નિમંત્રીતોએ પ્રસાદનો લાભ લીધેલ.

આ પ્રતિમા અનાવરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રીરામાનંદીય જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ કેશોદના પ્રમુખશ્રી જયેશભાઈ સી. કૌશિક (એડવોકેટ & નોટરી), શ્રીરામાનંદીય જ્ઞાતિ યુવક મંડળ કેશોદના પ્રમુખશ્રી સુધીરભાઈ વૈષ્ણવ, શ્રીરામાનંદીય જ્ઞાતિ મહિલા મંડળ કેશોદના પ્રમુખશ્રી જ્યોત્સનાબેન જે. લશ્કરી તેમજ ટ્રસ્ટી મંડળના ઉપપ્રમુખશ્રી વિઠલભાઈ નિમાવત, મંત્રીશ્રી કિશોરભાઈ કુબાવત, સહમંત્રીશ્રી મહેશભાઈ ટીલાવત (એડવોકેટ & નોટરી), ખજાનચીશ્રી ભીખુભાઈ નિમાવત, વ્યવસ્થાપક અને ટ્રસ્ટીશ્રી વિનોદભાઈ અગ્રાવત, ટ્રસ્ટીશ્રી હર્ષદભાઈ લશ્કરી, ટ્રસ્ટીશ્રી રમેશભાઈ કુબાવત, ટ્રસ્ટીશ્રી સુરેશભાઈ અગ્રાવત, ટ્રસ્ટીશ્રી તુલસીદાસ નૈનુજીએ ઉત્સાહભેર ભાગ લઈ જહેમત ઉઠાવેલી.

તેમજ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રીરામાનંદીય જ્ઞાતિ યુવક મંડળ - કેશોદના પ્રમુખ તથા તેમની આખી ટીમે દિવસ રાત સતત દિવસો સુધી મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવવા ખુબ મોટું યોગદાન આપેલ છે. તેમજ આ કાર્યક્રમને ઘર-ઘર સુધી પહોંચાડવામાં મીડિયા ચેનલ ''રામદલ ચેનલ'' ના ભરતભાઈ સાધુ. ''વૈષ્ણવ શાલીગ્રામ ચેનલ'' ના જયેન્દ્રભાઈ નિમાવતએ સમગ્ર કાર્યક્રમનુ સંકલન કરી પ્રસારીત કરવામાં મહેનત કરેલ છે. તેમજ સ્થાનિક મીડિયા સંગઠનોનો પણ ફાળો રહેલ છે. આ સમગ્ર કાર્યક્રમનુ સ્ટેજ સંચાલન ટ્રસ્ટીશ્રી હર્ષદભાઈ લશ્કરી દ્વારા કરવમાં આવેલ. આમ, આ પ્રતિમા અનાવરણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

**સંકલનઃ હર્ષદભાઈ ટી.લશ્કરી**
**(ઉપ પ્રમુખ રાજ્ય મંડળ)**





ૐ નમો નારાયણ

# જય મુરલીમનોહર મંદિર (ગામ સુપેડી)



**પરિચય :** ગુજરાતના રાજકોટ શહેરથી ૯૫ કિમી દૂર ધોરાજી તાલુકામાં, ધોરાજી ગામ થી ૮ કી.મી. અંતરે ત્રિવેણી સંગમ નજીક, સુપેડી ગામમાં આ ૭૫૦ વર્ષ જૂનું પવિત્ર મંદિર છે. સ્થાપત્ય ની ઉત્તમ કૃતિ જેને ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા ૧૯૬૨ થી સુંદર રીતે સાચવવામાં આવ્યું છે.

**મંદિરની ભવ્યતામાં એક ઝલક :** ત્રિદેવ મંદિર દ્વારકા અને ડાકોરના પવિત્ર મંદિરોની જેમ આથમણા દ્વાર તરફ મુખ કરીને તાંબાની ધાતુની પ્રતિમા માં રાધે કૃષ્ણ વાંસળી વગાડતા મોહક લાગે છે. નાગર શૈલી સ્થાપત્ય ધરાવતા રેવ નાથ શિવ મંદિર, રામ મંદિર, મારુતિ નંદન હનુમાનજી, સીતાલા માતાજી, માધવદાસજી બાપુ સમાધિ સ્થળ અને વધુના દસ પવિત્ર મંદિરો છે. ઉતાવલી નદી નજર સામે રાખીને, એક સુખદ વાતાવરણ બનાવે છે જે આત્માને શાંત કરે છે.

**મંદિર પાછળની દૈવી વાયકા :** શ્રી લક્ષ્મીજી એક પૂજનીય સંત સાથે માણાવદર ગામ નજીકના કૂવામાંથી બહાર આવ્યા હતા. સંતે લક્ષ્મીજીને પોતાની સંભાળમાં લીધા અને તેમને સ્થિર નિવાસસ્થાન પૂરું પાડવાનો પ્રયાસ કર્યો. તેમણે બે ભાઈઓ, કુશળ કારીગરોને બોલાવ્યા અને તેમને એકબીજાની પ્રગતિ જોયા વિના સ્વતંત્ર રીતે કામ કરતા બે મંદિરો બનાવવા સૂચના આપી. તેમની વચ્ચે એક મોટો પડદો ખેંચાયો, અને એક વર્ષ સુધી, તેઓએ અથાક મહેનત કરી. જ્યારે પડદો દૂર કરવામાં આવ્યો. ત્યારે બે સમાન અને આકર્ષક સુંદર મંદિરો પ્રગટ થયા. સંતે આ સ્થળને પૂજા સ્થળ, હરિ-હર મંદિર જાહેર કર્યું. જ્યાં ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવની દૈવી શક્તિઓનો સંગમ થાય છે.આ મંદિર આધ્યાત્મિકતા અને શાંતિના શોધકો માટે અવશ્ય મુલાકાત લેવા જેવું સ્થળ છે...આવો. દૈવી સ્પંદનોનો અનુભવ કરો... રાધે... રાધે...

**મહંતશ્રી રવિદાસબાપુ**
**મો. ૯૪૨૭૭ ૨૦૪૮૭**

## મેંદરડા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા આયોજિત
## જગદ્ગુરુશ્રી રામાનંદાચાર્યજી મહારાજના ૭૨૬ માં જન્મ જયંતી મહોત્સવ ઉજવણી કાર્યક્રમ અહેવાલ.



જય સીયારામ મેંદરડા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા તારીખ ૧૦/૦૧/૨૬ શનિવાર ના રોજ હિન્દુ ધર્મ ઉધારક ૧૦૦૮ જગદ્ગુરુ શ્રી રામાનંદાચાર્યજી મહારાજના ૭૨૬ માં જન્મ જયંતી મહોત્સવ ઉજવણીનું આયોજન ખાખીમઢી મેંદરડા ખાતે કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત સમૂહ ગુરુમાં પૂજન તેમજ મહાઆરતી દ્વારા શાસ્ત્રોક્ત પૂજન સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ સમૂહ હનુમાન ચાલીસા પાઠ કરી જ્ઞાતિબંધુઓ નેજગદગુરુ મહારાજના જીવન ફલક વિશે વક્તવ્ય પાઠવવામાં આવ્યું હતું. ત્યારબાદ ખાખી મઢી મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી સુખરામદાસજી બાપુને મહામંડલેશ્વર ની પદવી મળતા સર્વે સમાજબંધુ તરફથી તેમનું ફૂલહાર અને મોમેન્ટોથી સ્વાગત કરી હર્ષની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી આ પ્રસંગે ખાસ મહંત શ્રી ભુપતબાપુ હરે રામ આશ્રમ નાજાપુર ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી ત્યારબાદ હાજર રહેલ તાલુકાના સર્વે વિદ્યાર્થી મિત્રોને મેંદરડા તાલુકા રામાનંદી સાધુ સમાજ તેમજ મહંત શ્રી ભુપતબાપુ અને શ્રીમતી મનિષાબેન ભરતભાઈ નૈનુજી તરફથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા સાથે મેંદરડા તાલુકા રામાનંદી સાધુ સમાજ ના પૂર્વ મંત્રી વડિલ શ્રી કાળીદાસ બાપુ નૈનુજી તરફથી વર્તમાન કારોબારી ના દરેક સદસ્યોને ગુરુમહારાજ નો ફોટો ભેટ કરી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતમાં પ્રમુખશ્રી ધાર્મિકભાઈ કુબાવત અને ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ સુખાનંદી દ્વારા ઉપસ્થિત સર્વે સમાજબંધુઓ નો અને આ કાર્યક્રમ ને સફળ બનાવનાર સર્વે કારોબારી સદસ્યો નો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં સંચાલન નું કાર્ય મંત્રીશ્રી રઘુવીરભાઈ અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સર્વે સમાજબંધુઓ એ સાથે મળી ભોજન પ્રસાદ લઈ ભગવાન શ્રી રામજીના જય ઘોષ કરી છૂટા પડ્યા હતા.

**અહેવાલ સંકલનઃ રઘુવીર બી. અગ્રાવત**
**મંત્રીશ્રી મેંદરડા તાલુકા રામાનંદી સાધુ સમાજ**
**મો. ૭૮૭૪૬ ૧૨૮૫૦**

રજીસ્ટ્રેશન નંબર : એ/૩૪૨૮/રાજકોટ

# સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ-રાજકોટ

મનહર પ્લોટ-૮, ધરતી મેડીસીન વાળી શેરી, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ. Mo. 99249 55504

## // પ્રેસનોટ //

આવતીકાલે હિંદુ ધર્મ ઉદ્ધારક અનંતશ્રી વિભુષિત જગતગુરુ શ્રી રામાનંદાચાર્ય મહારાજની ૭૨૬મી જન્મજયંતિ...
જગતગુરુ શ્રી રામાનંદાચાર્ય મહારાજની ૭૨૬મી જન્મજયંતિ ની પૂર્વ સંધ્યા એ રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ
રાજકોટ શહેરના હોદેદારો તથા વોર્ડ પ્રભારી અને પ્રમુખો ની વરણી

જય સીયારામ,

રામાનંદી સંપ્રદાય તે હિન્દુ ધર્મના વૈષ્ણવ શ્રી સંપ્રદાયની એક શાખા છે. રામાનંદી સંપ્રદાય ના સ્થાપક અનંતશ્રી વિભૂષિત જગતગુરુ શ્રી રામાનંદાચાર્ય મહારાજ છે. તેમનો જન્મ ઈ.સ.૧૩૦૦ માં હાલ ના પ્રયાગરાજ માં થયો હતો. તેઓ મૂળ તમિલનાડુ ના હતા. તેઓ તમિલનાડુમાંથી બનારસમાં સ્થળાંતરિત થયા હતા. રામાનંદાચાર્ય તમામ જાતિના શિષ્યોનો સ્વીકાર્યા હતા. તેમણે પ્રેમ અને સમાનતાના સંદેશ દ્વારા મધ્યયુગીન ભારતના જાતિ વિભાજનને દુર કરવાનો પ્રયાસ કર્યો . રામાનંદાચાર્ય નુ માનવું હતું, ‘‘જાત પાત નહિ કોઈ, જો હરી કો ભજે સો હરી કા હોઈ’’ તથા તેમના દ્વારા લખાયેલા સ્તોત્રોનો ઉલ્લેખ શીખોના પવિત્ર ગ્રંથમાં જોવા મળે છે. રામાનંદાચાર્યને રામના અવતાર તરીકે વર્ણવવામાં આવે છે. રામાનંદાચાર્યના ગુરુ રાઘવાનંદને એક સમાનતાવાદી ગુરુ તરીકે વર્ણવવામાં આવે છે, જેમણે તમામ જાતિના વિદ્યાર્થીઓને વિદ્યાજ્ઞાન આપ્યું હતું. રામાનંદાચાર્ય મહાન યોગિક પ્રતિભા ધરાવતા નમ્ર વિદ્યાર્થી હતા, જેમને તેમના ગુરુ દ્વારા રામાનંદાચાર્યને પોતાનો સંપ્રદાય રચવાનું કહેવામાં આવ્યું હતું. અને રામાનંદાચાર્ય દ્વારા રામાનંદી સંપ્રદાય ની સ્થાપના કરવામાં આવી હતી. રામાનંદી સંપ્રદાય મુખ્યત્વે ભારતના લગભગ દરેક ભાગમાં રહે છે. રામાનંદી સંપ્રદાય મઠ, મંદિર,આશ્રમ સમગ્ર ભારતમાં, ગંગાના તટપ્રદેશમાં, નેપાળી તરાઈમાં અને હિમાલયની તળેટીમાં જોવા મળે છે. રામાનંદીઓ સમગ્ર ભારતમાં ફેલાયેલા છે, મુખ્યત્વે ગુજરાત, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં તથા ત્રિનિદાદ અને ટોબેગો જેવા દેશો માં મોટાભાગના હિંદુ વસાહતીઓ રામાનંદી સંપ્રદાયોના હતા. ત્રિનિદાદ અને ટોબેગોના હિંદુઓ હાલમાં રામાનંદના ઉપદેશોને અનુસરે છે. પ્રમુખશ્રી રવીરાજભાઈ રામાવત દ્વારા રામાનંદ સંપ્રદાયના તમામ લોકો, અનુયાયી, સેવકગણ તથા સહુને અનંતશ્રી વિભૂષિત જગતગુરુ શ્રી રામાનંદાચાર્ય મહારાજ ની ૭૨૬મી જન્મ જયંતી ની ખુબ ખુબ શુભકામનાઓ....

સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ રાજકોટ ના પ્રમુખ શ્રી રવીરાજભાઈ રામાવત દ્વારા અગામી વર્ષ માટે નવું માળખું જાહેર કરવામાં આવ્યું. જે નીચે મુજબ શહેર હોદેદારો તથા વોર્ડ પ્રભારી અને પ્રમુખની વરણી કરવામાં આવી.

રાજકોટ શહેર ના ઉપપ્રમુખશ્રી તરીકે જીગ્નેશભાઈ અગ્રાવત, જયદીપભાઈ નિમ્બાર્ક, વિવેકભાઈ નિમાવત દેવાંગભાઈ નિમાવત, રાજકોટ શહેર મહામંત્રીશ્રી તરીકે અજયભાઈ દેવમુરારી, જયદીપભાઈ દેવમુરારી, રાજનભાઈ દેવમુરારી, અલ્પેશભાઈ અગ્રાવત, અમિતભાઈ વૈષ્ણવ, રાજકોટ શહેર મંત્રીશ્રી તરીકે મયંકભાઈ રામાવત, નૈમીશભાઈ ટીલાવત, કિશોરભાઈ નિમાવત, તુષારભાઈ અગ્રાવત, કેયુરભાઈ નિમાવત, જયસનભાઈ દેવમુરારી, રાજકોટ શહેર સંગઠનમંત્રીશ્રી તરીકે હિતેશભાઈ રામાવત, વિમલભાઈ કીલજી, તરુણભાઈ નિમાવત, જયેશભાઈ કુબાવત, રાજુભાઈ કુબાવત, જગદીશભાઈ ટીલાવત, રાજકોટ શહેર ખજાનચીશ્રી તરીકે અનંતભાઈ નેનુજી, કરણરાજભાઈ કુબાવત રાજકોટ શહેર કારોબારી સભ્યશ્રી તરીકે ચામુંડરાઈ માધવાચાર્ય, અનિલભાઈ દેવમુરારી, ચંદ્રકાન્તભાઈ લશ્કરી, પ્રવીણભાઈ રામપ્રસાદી, અભિષેકભાઈ રામાનુજ, ભાર્ગવભાઈ દેવમુરારી, મોહિતભાઈ ટીલાવત, રાજભાઈ કુબાવત, શૈલેષભાઈ દેવમુરારી, પ્રિતભાઈ નિમાવત, શ્યામભાઈ દેવમુરારી, રઘુવીરભાઈ નિરંજની, રેનીશભાઈ દેવમુરારી, જગદીશભાઈ અગ્રાવત, પવનભાઈ કુબાવત, ધ્રુવભાઈ રામાનુજ, મોહિતભાઈ નિમ્બાર્ક તેમજ વોર્ડ વાઈસ રાજકોટ શહેર વોર્ડ નંબર-૧ પ્રભારીશ્રી તરુણભાઈ નિમાવત તથા પ્રમુખશ્રી હરસુખભાઈ દેવમુરારી, રાજકોટ શહેર વોર્ડ નંબર-૨ પ્રભારીશ્રી અમિતભાઈ વૈષ્ણવ તથા પ્રમુખશ્રી પવનભાઈ કુબાવત, રાજકોટ શહેર વોર્ડ નંબર-૩ પ્રભારીશ્રી અનંતભાઈ નેનુજી તથા પ્રમુખશ્રી તીર્થભાઈ આચાર્ય,રાજકોટ શહેર વોર્ડ નં-૪ પ્રભારી દેવાંગભાઈ નિમાવત તથા પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ લશ્કરી રાજકોટ શહેર વોર્ડ નંબર-૫ હિતેશભાઈ રામાવત, રાજકોટ શહેર વોર્ડ નંબર-૬ પ્રભારીશ્રી અલ્પેશભાઈ અગ્રાવત તથા પ્રમુખશ્રી ચામુંડરાઈ માધવાચાર્ય રાજકોટ શહેર વોર્ડ નંબર-૭ પ્રભારીશ્રી રાજનભાઈ દેવમુરારી તથા પ્રમુખશ્રી કેયુરભાઈ નિમાવત, રાજકોટ શહેર વોર્ડ નંબર-૮ પ્રભારીશ્રી નૈમીશભાઈ ટીલાવત તથા પ્રમુખશ્રી સિદ્ધાર્થભાઈ લશ્કરી, રાજકોટ શહેર વોર્ડ નંબર-૯ પ્રભારીશ્રી કિશોરભાઈ નિમાવત તથા પ્રમુખશ્રી હર્ષભાઈ નિમાવત, રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૦ પ્રભારીશ્રી કરણરાજભાઈ કુબાવત તથા પ્રમુખશ્રી કવનભાઈ અગ્રાવત, રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૧ પ્રભારીશ્રી જયસનભાઈ દેવમુરારી તથા પ્રમુખશ્રી ધ્રુવભાઈ રામાનુજ,રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૨ પ્રભારીશ્રી પ્રવીણભાઈ રામપ્રસાદી તથા પ્રમુખશ્રી અભીષેકભાઈ રામાનુજ, રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૩ પ્રભારીશ્રી વિમલભાઈ કીલજી તથા પ્રમુખશ્રી પ્રીતભાઈ નિમાવત, રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૪ પ્રભારીશ્રી અજયભાઈ દેવમુરારી તથા પ્રમુખશ્રી અનીલભાઈ દેવમુરારી, રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૫ પ્રભારીશ્રી જગદીશભાઈ ટીલાવત, રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૬ પ્રભારીશ્રી જયેશભાઈ કુબાવત તથા પ્રમુખશ્રી શૈલેષભાઈ દેવમુરારી, રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૭ પ્રભારીશ્રી તુષારભાઈ અગ્રાવત તથા પ્રમુખશ્રી રેનીશભાઈ દેવમુરારી રાજકોટ શહેર વોર્ડ નંબર-૧૮ પ્રભારીશ્રી મયંકભાઈ રામાવત તથા પ્રમુખશ્રી હર્ષભાઈ અગ્રાવત તથા રાજકોટ શહેર કાર્યાલય પ્રમુખશ્રી તરીકે જયદીપભાઈ નિમ્બાર્ક રાજકોટ શહેર કાર્યાલય મંત્રીશ્રી અનંતભાઈ નેનુજી રાજકોટ શહેર મીડીયા ઈન્ચાર્જશ્રી તરીકે સિદ્ધાર્થભાઈ લશ્કરી ની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુલ કન્યા છાત્રાલય- સાવકુંડલા
## તા.૧૧/૦૧/૨૦૨૬૪ રવિવાર, વાલી સંમેલન અહેવાલ




જોગીદાસ ખુમાણની ભૂમિ તરીકે ઓળખાતા સાવકુંડલામાં આવેલ શ્રી બજરંદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય તા:૧૧/૦૧/૨૦૨૬ ને રવિવારનાં રોજ વાલી સંમેલનનું આયોજન કરવનમાં આવેલું હતું. વાલી સંમેલનને વધુ સોહામણુ બનાવવા કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી છાત્રબાળાઅંના વાલીઓ તેમજ સંસ્થામાં સતત કાર્યરત અને સંસ્થાના વિકાસમાં રત રહેનાર ટ્રસ્ટીઓ, સંતો, મહંતો સાથે નાના પ્રસંગને મોટું સ્વરૂપ આપી બધાની સાથે હળવા-મળવાની પ્રેરણાથી આ પ્રસંગ ઉજવવામાં આવ્યો.

એકરીંગ કરનાર બહેનો :- હઠિનારાયણ કિરણબેન,(T.Y B.A) નિમાવત દક્ષિતાબેન.

આમંત્રણને માન આપી પધારેલા ટ્રસ્ટીઓ સંતો અને મંહતો દ્રારા કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરતાં ધો-૯ ની છાત્રબાળાઓ સ્વાગત ગીત રજુ કરી, મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યુ. બાદ મહેમાનોનું શબ્દ દ્રારા સ્વાગત મંત્રી શ્રી મનીષભાઈ પીપાવત દ્રારા કરવામાં આવ્યું. વાલી સંમેલનના કાર્યક્રમ અનુરૂપ આપણે એકઠા થયા તો કાર્યક્રમનો મુખ્ય હેતુ માટે આપણા પ્રમુખ શ્રી અરૂણભાઈ દેવમુરારી એ પ્રાસંગિક ઉદ્‌બોધન આપેલ. ત્યારબાદ ધો-૮ અને ધો-૯ ની છાત્રબાળાઓએ આગળના વર્ષમાં જે પરિણામ મેળવ્યું તેના માટે છાત્રબાળાઓને મોમેન્ટો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

**ધોરણ : ૮**
(૧) નિમાવત દેવાંગીબેન શામળદાસ : ૯૪.૯૪%
(૨) કુબાવત ધ્રુતિકાબેન અરવિંદભાઈ : ૯૩.૫૦%
(૩) કુબાવત શ્રાવ્યાબેન ભરતભાઈ : ૮૯.૯૯%

**ધોરણ: ૯**
(૧) અગ્રાવત નિયતીબેન દિવ્યેશભાઈ : ૮૦%
(૨) લશ્કરી જાનવીબેન વિપુલભાઈ : ૭૬.૮૫%
(૩) નૈનુજી હિરબેન મેહુલભાઈ : ૭૩.૧૪%

વચ્ચે-વચ્ચે ટ્રસ્ટીઓ વાલીઓ દ્રારા બાળાઓને પ્રોત્સાહીત કરતા રોકડભેટ આપવામાં આવી. ત્યારબાદ ધો.૧૦ ની બહેનોએ ડાન્સ રજૂ કર્યો. ત્યારબાદ ધોરણ-૧૦ અને ૧૧ ની બહેનોને મોમેન્ટો આપી નવાજવામાં આવી.

**ધોરણ-૧૦**
(૧) ટીલાવત ધાર્મીબેન શિવરામભાઈ : ૭૮%
(૨) અગ્રાવત પ્રિન્સીબેન સિતારામભાઈ : ૭૩.૬૬%
(૩) રામપ્રસાદી નેહાબેન હરેશભાઈ : ૭૧.૮૩%

**ધોરણ : ૧૧ આર્ટસ**
(૧) દેવમુરારી નિકિતાબેન પ્રવિણભાઈ : ૮૫%
(૨) લશ્કરી જેનીશાબેન છબીલદાસ : ૭૭.૧૪%
(૩) બાવનીયા ધ્રુવિકાબેન કલ્પેશભાઈ : ૭૪%

**ધોરણ : ૧૧ કોમર્સ**
(૧) અગ્રાવત ખુશાલીબેન અમરદાસ : ૭૩.૪૩%

ત્યારબાદ ધોરણ - ૧૧ અને કૉલેજની બહેનોએ પ્રચલીત લાલો ફિલ્મનું દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડનો ડાન્સ રજુ કર્યો અને ટી.વાય.બી.એ.ની બહેન હઠીનારાયણ કિરણબેન અનિલભાઈ એ ગુરૂકુળની દિનચર્યા જણાવી.

**ધો - કૉલેજ** :- F.Y.B.A
(૧) દેવમુરારી ખુશ્બુબેન અનિલભાઈ : ૮૪.૩૬%
(૨) દેવમુરારી હિરલબેન રામભાઈ : ૭૮.૩૬%
(૩) નિમાવત જાનવીબેન કિશોરભાઈ : ૭૮.૧૯%

**ધોરણ: ૧૨**
(૧) નિમાવત નેન્સીબેન કિશોરભાઈ : ૮૪.૨૮%
(૨) અગ્રાવત નિધીબેન ઘનશ્યામભાઈ: ૭૩.૨૩%
(૩) કુબાવત હેતલબેન સંજયભાઈ : ૫૦%

ત્યારબાદ ધોરણ-૧૧ અને કોલેજની બહેનોએ રાધા-કૃષ્ણનો ડાન્સ રજૂ કર્યો.ત્યારબાદ આપણા મહામંત્રી શ્રી મનિષભાઈ પિપાવત દ્રારા પ્રાસંગિક ઉદ્‌બોધન આપવામાં આવેલ ત્યારબાદ કોલેજના બહેનોને મોમેન્ટો આપી પ્રોત્સહિત કરવામાં આવ્યા.



અનુભવ એ સૌથી શ્રેષ્ઠ પાઠશાળા છે.

**ધો - કૉલેજ-** S.Y.B.A
(૧) અગ્રાવત ગાયત્રીબેન ઘનશ્યામભાઈ : ૭૬.૨૧%
(૨) નિમાવત દિક્ષિતાબેન યોગેશભાઈ :૭૫.૮૧%
(૩) હઠિનારાયણ કિરણબેન અનિલભાઈ : ૭૫.૨૮%

**ધો - કૉલેજ-** S.Y B.com
(૧) અગ્રાવત દ્રષ્ટિબેન અમરદાસ : ૮૨.૧૮%
(૨) અગ્રાવત દ્રષ્ટિબેન ભગવાનજીભાઈ : ૮૦.૩૬%

T.Y. B.A / B.com
ચાલુ વર્ષે વિદાય લેતી પાંચ બહેનોને વિદાય સન્માન પત્ર મોમેન્ટો સંસ્થા દ્વારા આપવામાં આવેલ.

**ધો - કૉલેજ-** T.Y .Ba.
(૧)નિમાવત કૃપાબેન મહેશભાઈ :૮૧.૮૬%
(૨)કુબાવત સીધ્ધીબેન અશોકભાઈ :૭૧.૭૬%
(૩) ટીલાવત ધ્રુવિબેન ગજેન્દ્રભાઈ : ૭૧.૨૮%

(૧) અગ્રાવત દ્રષ્ટિબેન અમરદાસ T.Y.B.com
(૨) અગ્રાવત દ્રષ્ટિબેન ભગવાનજીભાઈ T.Y.B.com
(૩) નિમાવત દિક્ષિતાબેન યોગેશભાઈ T.Y.B.A
(૪)હઠિનારાયણ કિરણબેન અનિલભાઈ T.Y.B.A
(૫)અગ્રાવત ગાયત્રીબેન ઘનશ્યામભાઈ T.Y.B.A

ત્યારબાદ આપણી સંસ્થાના પૂજય ઘનશ્યામબાપુએ આ સંસ્થા વિશે અને પ્રસંગ અનુરૂપ ઉદ્‌બોધન આપ્યું.

કાર્યક્રમ સમાપ્તી બાદ જેમની દિકરીઓ આ છાત્રલયમાં અભ્યાસ કરે છે. તેવા વાલીઓ પૈકી શ્રી દેવમુરારી અનિલભાઈ પ્રભુદાસ પોતાને થયેલ અનુભવો અને પોતાની દિકરીએ છાત્રાલય વિશે જે લાગણીઓ અનુભવી તે બંનેનુ મિશ્રણ વાલીઓના વકતવ્યમાં રજુ થયેલ જોવા મળ્યું.

છાત્રાબાળાઓને પ્રતિવર્ષ આ રીતે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ માટે શિક્ષણના હિમાયતી જ્ઞાતિરત્ન વડોદરા નિવાસી વૈધરાજ કાંતિદાદા આચાર્ય તરફથી સંસ્થા શરૂ થયાના બીજા જ વર્ષ શૈક્ષણિક ફંડ મોકલવામાં આવેલ અને તેઓની જે તે સમયની સુચના પ્રમાણે પ્રતિવર્ષ જે તે ફંડની રકમના વ્યાજમાંથી મોમેન્ટો બનાવવામાં આવે છે.

પ્રથમ ક્રમના મોમેન્ટો કુલ ૧૦ ના આજીવન સૌજન્યકર્તા સ્વ. નિર્મળાબા કાંતિલાલ આચાર્ય વડોદરા, બીજા ક્રમના મોમેન્ટોના સૌજનયકર્તા સંસ્થામાં રહીને અભ્યાસ કરી ચુકેલ છાત્રબાળા શ્રી ઉષાબહેન કાળીદાસ નિમાવત સાવરકુંડલા (હાલ- અમરેલી) ત્રીજા ક્રમના મોમેન્ટોના આજીવન સૌજન્યકર્તા સ્વ. નિર્મળાબા કાંતિલાલ આચાર્ય, વડોદરા.

વાલી સંમેલનમાં હાજર મહેમાનો, ટ્રસ્ટીઓ અને વાલી તરફથી છાત્રાબાળાઓને રોકડ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યા તેની યાદી

૨૧૦૦/- કિશોરભાઈ ઈશ્વરભાઈ લશ્કરી - કંથકોટ(વાલી)
૧૦૦૦/- અનિલભાઈ પ્રભુદાસભાઈ દેવમુરારી - દહીંથરા
૫૦૦/- ગુણવંતરાય સુંદરદાસ રામાનુજ(ગૃહપતિ) સાવરકુંડલા
૫૦૦/- ભાનુબેન ગુણવંતરાય રામાનુજ (ગૃહમાતા) સાવરકુંડલા
૫૦૧/- અશોકભાઈ અગ્રાવત -સાવરકુંડલા
૫૦૦/- હરેશભાઈ છગનભાઈ રામપ્રસાદી - કંથારીયા
૫૦૦/- કીશોરભાઈ સેવારામભાઈ નિમાવત - દલખાણીયા
૫૦૦/- સીતારામભાઈ જેન્તીભાઈ અગ્રાવત - ચારોડીયા
૫૦૦/- કૌશલભાઈ વિપુલભાઈ લશ્કરી -રાજકોટ
૫૦૦/- કિરણભાઈ ચંદ્રકાન્તભાઈ બાવનીયા - સાજિયાવદર
૪૦૦/- ડૉ. પ્રવીણભાઈ ડી. લશ્કરી - ટ્રસ્ટી શ્રી
૨૫૧/- બિટુબાપુ નિમ્બાર્ક -વંડા
૨૫૧/- નાથાભાઈ દલપતરામ અગ્રાવત - જામકા
૨૦૦/- પ.પૂ. ઘનશયામબાપુ(રાઘવ)- સાવરકુંડલા ,ટ્રસ્ટીશ્રી
૨૦૦/- પ.પૂ અમરદાસબાપુ નિમાવત - (નિંગાળા)ટ્રસ્ટીશ્રી
૨૦૦/- અરુણભાઈ ડી. દેવમુરારી -સાવરકુંડલા, પ્રમુખશ્રી
૨૦૦/- મનીષભાઈ આઈ.પિપાવત - કારીયાણી , મહામંત્રીશ્રી
૨૦૦/- મુકેશભાઈ ટીલાવત - સાવરકુંડલા ,સદસ્ય
૨૦૦/- વિજયભાઈ ભગવાનદાસ કુબાવત- જસદણ
૨૦૦/- બિપીનભાઈ મનહરભાઈ વસંતસ્વામી - ખાખરીયા
૨૦૦/- ભરતભાઈ વસંતદાસ નિમાવત - રાજકોટ
૨૦૦/- અશોકભાઈ નંદરામભાઈ વસંતસ્વામી - ઢસા
૨૦૦/- શ્યામસુંદરભાઈ જેન્તીભાઈ અગ્રાવત - ચારોડીયા
૨૦૦/- વિપુલભાઈ શામળદાસ લશ્કરી - ભાવનગર
૨૦૦/- વસંતભાઈ કાલીદાલ રામકબીર - ખડીયા
૨૦૦/- ધર્મેશભાઈ તુલરસદાસ કુબાવત - ઈંગોરાળા(ડુંગરી)
૨૦૦/- ધરમદાસ ઘશયામભાઈ ટીલાવત - જાબુંડા
૨૦૦/- દિવ્યેશભાઈ દુર્લભદાસ અગ્રાવત - ધોકડવા
૨૦૦/- અમરદાસ ગવિંદરામ અગ્રાવત - મોતીસર
૨૦૦/- સુખાનંદી પ્રદ્યુમનભાઈ જેડીરામ - ચાંદ્રાવાડી
૨૦૦/- ઘનશ્યામભાઈ પ્રાણજીવનભાઈ અગ્રાવત - મોતીસાર
૨૦૦/- યોગેશભાઈ ખુશાલભાઈ નિમાવત - પિયાવા(ગીર)
૨૦૦/- શિવરામભાઈ બટુકદાસ ટીલાવત - રામપુર
૨૦૦/- પ્રફુલાબેન વલ્લભદાસ કુબાવત - સેંદરડા
૨૦૦/- શામળદાસ ગંગારામભાઈ નિમાવત - પાડાપાદર
૧૦૦/- કૃપાબેન નિમાવત (ભુ.પુ. છાત્રબાળા)- હુડલી
૧૦૦/- કુબાવત રિધ્ધીબેન(ભુ.પુ. છાત્રબાળા)- અરણી
૧૦૦/- ધ્રુવીબેન ટીલાવત(ભુ.પુ. છાત્રબાળા)- સુલતાનપુર
૧૦૦/- મહેશભાઈ શામળદાસ કીલજી - મોટા માણસા

**કુલ રૂા. ૧૨૮૦૩/-**

## સાવરકુંડલા તાલુકા રામાનંદી સાધુ સમાજ આયોજીત જગતગુરૂ શ્રી રામાનંદાચાર્ય મહારાજની ૭૨૬મી જન્મ જયંતિની ઉજવણી







ગત તારીખ ૧૦/૦૧/૨૦૨૬ ને શનિવારના રોજ હિન્દુ ધર્મના ઉદ્ધારક એવા શ્રી જગતગુરૂ રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૬ મી જન્મ જયંતિ નીમિતે સાવરકુંડલા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા ધામધૂમથી ઉજવણી કરવામાં આવી જેમાં શ્રી કાંતેશ્વર મહાદેવ આશ્રમ મોટા જીંજુડા મુકામે ગુરૂજીનું પુજન-અર્ચન, સન્માન સમારંભ તથા સમૂહ ભોજન પ્રસાદીનું આયોજન થયેલ હતું.

આ પ્રસંગે રાજયમંડળના પ્રમુખશ્રી અરુણભાઈ દેવમુરારી, ઘનશ્યામબાપુ (રાઘવ), બાઢડા ગોદડીયા આશ્રમ મહંતશ્રી....ડો. પ્રવિણભાઈ લશ્કરી, અશોકભાઈ અગ્રાવત, ભયલુભાઈ અગ્રાવત (બાઢડા) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે સમાજની વાડી અંગે આહવાન આપતા અરૂણભાઈ દ્વરા રાજયમંડળનો સહયોગ આપવાની પણ બાંહેધરી આપેલ.

ઘનશ્યામબાપુ દ્વારા પ્રાસંગીક પ્રવચનમાં સમાજના દરેક કામમાં એકત્ર થઈ સૌએ દરેક કાર્યમાં ભાગીદાર થવા આહવાન કરેલ. આ પ્રસંગે ભોજનના દાતાશ્રી મસાભગત (નાના પુંજડા)ની ખાસ ઉપસ્થિત રહી કાર્યકરોનો ઉત્સાહ વધારેલ. પ્રમુખ શ્રી દ્વારા ભોજન દાતા શ્રી મસાભગત તથા એક મિઠાઈના દાતા શ્રી રાધેશ્યામબાપુ નિમ્બાર્ક આશ્રમ (ઓળીયા)નો આભાર પ્રગટ કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા દીપકભાઈ રામાનુજ, ડો.વિશાલભાઈ લશ્કરી, અનિલભાઈ નિમાવત, નરેશભાઈ દેવમુરારી તથા સમગ્ર કારોબારી દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

પ્રમુખશ્રી અમિતભાઈ નિમાવત દ્વારા સૌ જ્ઞાતીજનો નો સહયોગ બદલ આભાર પ્રગટ કરવામાં આવેલ.

**- હિતેશભાઈ ડી. કુબાવત, સાવરકુંડલા**

## મુદ્દતી (૧૦ વર્ષ) લવાજમનીયાદી રામભકતના જુના આજીવન ગ્રાહકો એ મુદ્દતી યોજના માટે રૂા.૫૦૦/- ડીસ્કાઉન્ટ ચાલુ છે........લાભ લ્યો .... મુદ્દતી લવાજમ રૂા.૨૦૦૦ ભરો....

| ક્રમ નંબર | ગ્રાહક નું નામ | ગામ / શહેર | જુનો આજીવન નંબર | લવાજમ રકમ | પહોંચ નંબર |
|---|---|---|---|---|---|
| ૧૬૫ | જજ્ઞેશભાઈ બી. દિવાકર | કરમસદ | ૨૭૪ | ૨૦૦૦ | ૨૦ |
| ૧૬૬ | નંદરામભાઈ એમ. અગ્રાવત | સુરેન્દ્રનગર | ૨૫૮૧ | ૨૦૦૦ | ૫૩ |
| ૧૬૭ | ગીરીશભાઈ જે. સાધુ | હિંમતનગર | ૧૮૯૯ | ૨૦૦૦ | ૭૭૮૫ |
| ૧૬૮ | વાસુદેવભાઈ પી. નિમાવત | વિસાવદર | ૨૭૪૫ | ૨૦૦૦ | ૫૮ |
| ૧૬૯ | મહંતશ્રી નટવરલાલ જે. અગ્રાવત | મહુવા | ૬૩૩ | ૨૦૦૦ | ૬૧ |
| ૧૭૦ | રમેશચંદ્ર એ. નિમ્બાર્ક | પડધરી | ૨૩૯૫ | ૨૦૦૦ | ૬૪ |
| ૧૭૧ | દક્ષાબેન જે. સાધુ | વડોદરા | ૨૨૫૪ | ૨૦૦૦ | ૭૪૬૫ |
| ૧૭૨ | કશ્યપભાઈ બી. અગ્રાવત | જેતપુર | ૩૦૩૩ | ૨૦૦૧ | ૬૯ |
| ૧૭૩ | દેવેન્દ્રભાઈ એ. રામાવત | કાલાવાડ | ૨૦૫૫ | ૨૦૦૦ | ૭૪ |
| ૧૭૪ | હરેશભાઈ આર. કુબાવત | મહુવા | ૧૯૭૧ | ૨૦૦૦ | ૭૭ |
| ૧૭૫ | ગોપાલદાસ દુર્લભરામ દેવમુરારી | ગળવાવ | ૧૫૩૯ | ૨૦૦૦ | ૮૪ |
| ૧૭૬ | ભરતભાઈ વી. નિમાવત | જુનાગઢ | ૨૩૫૩ | ૨૦૦૦ | ૯૭ |
| ૧૭૭ | ચેતનદાસ આર. અગ્રાવત | રાજેશ્વર | ૧૦૪૫ | ૨૦૦૦ | ૯૯ |
| ૧૭૮ | અશોકકુમાર કનૈયાલાલ લશ્કરી | બીલડી | ૧૮૫૧ | ૨૦૦૦ | ૧૦૦ |
| ૧૭૯ | મગનલાલ એમ.દેવમુરારી | જુનાગઢ | ૨૪૩૯ | ૨૦૦૦ | ૨૦૭ |

ઉપરમુજબ આજીવન જુના ગ્રાહકોએ મુદ્દતી લવાજમ ભરી આપેલ છે. તમામ ગ્રાહકોનો આભાર . સહ ધન્યવાદ
તંત્રી. રામભકત.( ભાનુબાપુ રામાનુજ)



ચારિત્ર્ય જ મનુષ્યની સૌથી મોટી મુડી છે.



## જેતપુર રામાનંદી સાધુ સમાજ દ્વારા જગતગુરુ શ્રી રામાનંદાચાર્ય મહારાજની ૭૨૬મી જન્મ જયંતીની ઉજવણી તથા રામાનંદી સાધુ સમાજે સોનાનો તથા પ્રિવેડીંગ શૂટિંગ પર પ્રતિબંધ મૂક્યો




તા.:૧૦/૦૧/૨૦૨૬ના રોજ હિન્દુ ધર્મ ઉદ્ધારક એવા શ્રી ૧૦૦૮ જગતગુરુ રામાનંદાચાર્યજીની ૭૨૬મી જન્મ જયંતી નિમિત્તે રામાનંદી સાધુસમાજ જેતપુર દ્વારા ખુબજ ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં ગુરુજીનું પુજન અર્ચન, છપ્પન ભોગ,"જ્ઞાતિ રત્ન એવોર્ડ" , વિધાર્થી સત્કાર સમારંભ તથા સમૂહ ભોજન પ્રસાદનો કાર્યક્રમ હતો.

સૌથી મહત્વની વાત એ હતી કે વધતી જતી મોઘવારી અને કુરિવાજોને નાથવા હવેથી રામાનંદી સાધુ સમાજ જેતપુર એ સર્વ સંમતીથી "સોનાની લેતી દેતી" તથા "પ્રિવેડિંગ શૂટિંગનો" સંપૂર્ણ બહિષ્કાર કરેલ હતો જેમાં સર્વે જ્ઞાતી બંધુઓએ હર્ષભેર આ વાતને વધાવી લીધી હતી અને કડકપણે નિયમનું પાલન કરવા સહમતિ આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી ભાર્ગવભાઈ અગ્રાવત, મંત્રી શ્રી હાર્દિકભાઈ કુબાવત તથા સર્વે કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## દ્વારકા અતિથી ભવન નૂતન રૂમોનું વાસ્તુપૂજન



શ્રી અખિલ ભારતીય વૈષ્ણવ રામાનંદી સમાજ અતિથિ ભવન દ્વારકા ટ્રસ્ટ દ્વારા તા. ૨૬/૦૧/૨૦૨૬ સોમવાર ના રોજ અતિથિ ભવન ના નવા રૂમ નું ઓપનિંગ તથા વાસ્તુપૂજન મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ચંદ્રેશબાપુ નિરંજની તથા દાતાશ્રીઓ ના હસ્તે કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન ટ્રસ્ટ પરિવાર ના સર્વે સદસ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

આપણા ગુજરાત માં ગર્વ લઈ શકાય તેવું એક માત્ર આપણા સમાજ નું સુંદર આધુનિક સગવડો થી સજ્જ એવું આપણું અતિથિ ભવન છે. આ અતિથિ ભવન નો સુંદર મજાનો વિકાસ કરવા બદલ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ચંદ્રેશબાપુ નિરંજની અને સર્વે ટ્રસ્ટશ્રીઓ ને ખૂબ ખૂબ અભિનંદન.

**લિ.જગદીશ નિરંજની (જેતપુર)**
**પ્રચાર મંત્રી**
**ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષમંડળ સાવરકુંડલા**

## सभी गोत्रों की कुलदेवी

| | | | | |
|---|---|---|---|---|
| १) वशिष्ठ -सरस्वती/भवानी | ११) अगस्त्य - लोपामुद्रा | २१) मुद्गल - लक्ष्मी | ३१) कौण्डिन्य - पार्वती | ४१) कात्यायन - कात्यायनी |
| २) कश्यप - अदिति | १२) भृगु - लक्ष्मी | २२) उदालक - सरस्वती | ३२) हारीत - अंबिका | ४२) पैंग्य - अंबा |
| ३) भारद्वाज - दुर्गा | १३) मार्कण्डेय - योगमाया | २३) कण्व - शारदा | ३३) वात्स्यायन - रति | ४३) सत्यकाम - सरस्वती |
| ४) अत्रि - अनसूया | १४) दुर्वासा - चामुंडा | २४) शांडिल्य - कात्यायनी | ३४) श्रृंगी - शबरी | ४४) शौनकायन - काली |
| ५) गौतम -अहिल्या/काली | १५) पुलस्त्य - महालक्ष्मी | २५) याज्ञवल्क्य - गायत्री | ३५) भालकी - लक्ष्मी | ४५) तैत्तिरी - महाशक्ति |
| ६) जमदग्नि - रेणुका | १६) पुलह - पार्वती | २६) लोमश - चंडिका | ३६) अश्वलायन - गायत्री | ४६) कृष्णात्रेय - दुर्गा |
| ७) विश्वामित्र - गायत्री | १७) क्रतु - सावित्री | २७) मैत्रेय - सरस्वती | ३७) गर्ग - परमेश्वरी | ४७) वैशम्पायन - सरस्वती |
| ८) पराशर - शक्ति/ अंबा | १८) अंगिरा - ब्रह्माणी | २८) उशनस (शुक्र) - लक्ष्मी | ३८) शाकल्य - सरस्वती | ४८) नचिकेता - योगमाया |
| ९) कपिल - सरस्वती | १९) नारद - वीणावादिनी | २९) दधीचि - शक्ति | ३९) बौधायन - दुर्गा | ४९) कौटिल्य - लक्ष्मी |
| १०) शौनक - कात्यायनी | २०) कौशिक - दुर्गा | ३०) सांख्यायन - महाकाली | ४०) आपस्तंब - चामुंडा | ५०) भृशुंडी - महाकाली |

જાહેર આમંત્રણ જય ગિરનારી જાહેર આમંત્રણ

# શ્રી મહા શિવરાત્રી પધારો - જુનાગઢ

**શ્રી સંસ્કારધામ સેવા ટ્રસ્ટ - સંચાલીત**

**શ્રી બજરંગદાસ બાપા અન્નક્ષેત્ર ઉતારો** : પધારતા યાત્રીકોને ચા, પાણી, ભોજન ઉતારાની સુવિધા

**મહા વદ ૮ ને તા.૧૧/૨/૨૦૨૬ને બુધવાર થી મહા વદ ૧૩ ને તા.૧૫/૨/૨૦૨૬ શનિવાર**

શ્રી ઈશ્વરદાસબાપૂ રામાનંદી મો. ૭૦૯૬૬૦૧૮૫૧
શ્રી સંસ્કારધામ સેંદરડા તા.મહુવા

શ્રી આશિષબાપૂ અગ્રાવત મો. ૯૯૦૯૧૯૦૦૦૯
શ્રી સંસ્કારધામ સેંદરડા તા.મહુવા

**એમ. આર. અગ્રાવત** (મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સંસ્કારધામ સેવા ટ્રસ્ટ –સેંદરડા)
સંપર્ક :- માધવદાસ મહારાજ મહુવા – ૯૮૨૫૬૨૫૯૨૮

**સ્થળ:- રિંગરોડ પોલીસ સ્ટેશન વાળો રોડ, પ્લોટ નં.૩૩ સોરઠીયા રબારી સમાજની વાડી સામે, ભવનાથ તળેટી, જુનાગઢ.**

## અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ આયોજીત પ.પુ.૧૦૦૮ શ્રી જગદગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજના જન્મોત્સવની ભવ્યતા ભવ્ય રીતે ઉજવણી કરાઈ.



અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ આયોજીત પ.પુ.૧૦૦૮ શ્રી જગદગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજનો ૭૨૬ મો જન્મોત્સવ તા.૧૦-૦૧-૨૦૨૬ શનિવારે સવીતાબા રામાનંદ કુમાર છાત્રાલય અમરેલી ખાતે ભવ્યતા ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

તાજેતરમાં નવનિયુક્ત પ્રમુખશ્રી જતિનભાઈ લશ્કરી, મહામંત્રી શ્રી જીતુભાઈ ચરણદાસ, ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ બાવનીયા તથા રમેશભાઈ દેવમુરારી તથા સહમંત્રી સંજયભાઈ એસ. અગ્રાવત તથા ખજાનચી શ્રી ભાવેશ એમ. અગ્રાવતની નવી ટીમના માર્ગદર્શન નીચે કાર્યક્રમની તૈયારી કરવામાં આવેલ.

તા.૧૦-૦૧-૨૦૨૬ શનિવાર સાંજે ઉપર મુજબના સ્થળે સૌપ્રથમ ગુરૂજીનું પુજન અર્ચન પ.પુ. મહંત શ્રી રામમનોહરદાસ બાપુ જાગૃત હનુમાન ગીરીયા તથા પ.પુ. મહંત શ્રી પ્રભુદાસ બાપુ વીહા આપાની જગ્યા ચિતલ તથા કારોબારી હસ્તે કરવામાં આવ્યુ. શ્રી રામમનોહરદાસ બાપુ તથા છાત્રાલયના બાળકો કારોબારી સભ્યો જ્ઞાતિજનોએ હનુમાન ચાલીસાના પાઠ કરી વાતાવરણ ભક્તિમય બનાવી દીધુ.

સ્વાગત પ્રવચન શ્રી કપિલભાઈ દેવમુરારીએ કર્યુ અને આવેલ મહેમાનો તથા વડીલો તથા સર્વે જ્ઞાતિજનો ભાઈઓ અને બહેનોનું તથા કાર્યક્રમમાં ઉપસ્થીત સંતો મહંતોનુ શાબ્દીક સ્વાગત કરી આવકાર્યા તથા જ્ઞાતિ અગ્રણી વડીલોને સ્ટેજ ઉપર પધારવા આમંત્રિત કર્યા.

ત્યારબાદ આમંત્રિત સંતો મહંતોનુ સાલ/ફુલહાર/ભેટપુજા આપી શ્રી રામમનોહરદાસ બાપુ તથા શ્રી પ્રભુદાસ બાપુનું સન્માન કરવામાં આવ્યુ તેમજ બાપુને બહાર જવાનું હોવાથી આશીર્વચનનો દોર વચ્ચે શરૂ કરવામાં આવ્યો જેમાં શ્રી રામમનોહરદાસ બાપુએ આકાર્યક્રમને બીરદાવેલ તેમજ ટીમને અભિનંદન પાઠવી જ્ઞાતિ સમાજના હીતને લગતી બાબતોને આશીર્વાદમાં વણી સુંદર વકતવ્ય રજુ કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા હર હંમેશ મંડળની સાથે રહી આર્થીક યોગદાન આપે છે તેવા શ્રી ડો. ચિરાગ કુબાવત (નારી હોસ્પીટલ - અમરેલી) રૂા. ૧૮,૦૦૦/- તથા શ્રી રમેશચંદ્ર કેશવલાલ દેવમુરારી રૂા. ૮, ૧૦૦/- તથા કેપ્ટન શ્રી હરીકૃષ્ણ સાધુ સાહેબ રૂા.૫,૦૦૦/- વતી તેમના માતૃશ્રીનુ સાલ/મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ તેમજ ગત ટર્મના પ્રમુખશ્રી આકાશ ડી. અગ્રાવત તથા મહામંત્રી શ્રી જીતુભાઈ ચરણદાસનું તેની ગત ટર્મની સુંદર કામગીરી ધ્યાને લઈ સંતો મહંતો દ્વારા મોમેન્ટો/સાલથી સન્માનીત કરાયા.

કાર્યક્રમના મધ્યે સેવા નિવૃતી સન્માનમાં છેલ્લા વર્ષે નિવૃત થયેલ શ્રી કિરીટભાઈ બી. દેવમુરારી તથા શ્રી ચંદુલાલ એ. ટીલાવત (પોલીસ ડીપાર્ટમેન્ટ) નું સાલ/ફુલહાર અર્પણ કરી નિવૃતી સન્માન કરી તેમની સેવા/કામગીરીને બીરદાવેલ.

